# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-01-2025** Day: Saturday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહીચ્છા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી (સ્વામિત્વ યોજના)

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીની વર્ચુઅલ ઉપસ્થિતિમાં આજે સ્વામિત્વ યોજન હેઠળ લાભાર્થીઓને પ્રોપટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. આ અંગે સાંભળીયે અહેવાલ...

*વોઈસ કાસ્ટ-અશરફ નથવાણી*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મિલકત માલિકોને સ્વામિત્વ યોજના હેઠળ 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું. દસ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોના 50 હજારથી વધુ ગામોમાં પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે.*

*આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સ્વામિત્વ યોજના થકી લાભાર્થીઓની આકાંક્ષાઓને નવી પાંખો મળી છે. તેમજ સ્વામિત્વ યોજનાના કારણે આપણી પાસે સ્પષ્ટ નકશા હશે, તેથી વિકાસકાર્યોનું આયોજન પણ સચોટ બનશે તેમ ઉમેર્યું હતું.*

*બાઈટ....પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી*

*રાજ્ય કક્ષાનો કાર્યક્રમ અમદાવાદમાં કેન્દ્રીય આરોગ્યમંત્રી જે. પી. નડ્ડા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. શ્રી નડ્ડાએ જણાવ્યું કે, પ્રોપર્ટી કાર્ડ મળવાથી દેશના ખેડૂત ઘણા મજબૂત થશે. જયારે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સ્વામિત્વ યોજના ગ્રામીણ ભારત માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે.*

*પ્રધાનમંત્રીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં કચ્છ જિલ્લાનો સ્વામિત્વ યોજના પ્રોપટી કાર્ડ ઇ-વિતરણ કાર્યક્રમ ભુજમાં સ્મૃતિવન ઓડીટોરિયમ ખાતે યોજાયો હતો. જેમાં જિલ્લાના ત્રણ તાલુકાના ૧૨ ગામના ૧૧૭૪ લાભાર્થીઓને પ્રોપર્ટીકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. કચ્છના કુલ ૮૬૩ ગામોનો સ્વામિત્વ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કામગીરી પૂર્ણ થયાથી ૧૦ તાલુકાના ૨ લાખથી વધુ મિલ્કત ધારકોને પ્રોપર્ટી કાર્ડનો લાભ મળશે તેમ સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, પ્રોપર્ટી કાર્ડ મળવાથી આંતરીક વિખવાદ, દબાણના પ્રશ્નો દૂર થવા સાથે બેંકલોન મેળવવી જેવા અનેક લાભ મળશે.*

*કાર્યક્રમમાં અધિકારીઓ અને પદાધિકારીઓના હસ્તે ગ્રામીણ લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડનું વિતરણ તથા સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા હતા.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ*

# 'પ્રજાસત્તાક પર્વ'ની જિલ્લાકક્ષાની ઉજવણી આયોજન

કચ્છમાં આગામી ૨૬ જાન્યુઆરી 'પ્રજાસત્તાક પર્વ'ની જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજન અંગે આજે જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ
વખતે જિલ્લાકક્ષાની ઉજવણી નખત્રાણા ખાતે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે જિલ્લા કલેક્ટરે સમિક્ષા કરી હતી.

તેમણે સરકારી ઈમારતોની રોશની, કાર્યક્રમ સ્થળ ખાતેની વ્યવસ્થાઓ, સાફ સફાઈ, ફાયર સેફ્ટી, પાર્કિંગ, મેડીકલ અને વિવિધ વિભાગોના ટેબ્લોનું આયોજન સહિતના મુદ્દે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો, દેશભક્તિની થીમ પર વિશેષ સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ તથા પોલીસ વિભાગ દ્વારા માર્ચ પાસ્ટ પરેડનું આયોજન કરવા બાબતે સૂચારૂ વ્યવસ્થાપન અંગે સૂચનો કરાયા
હતા. કોઇપણ ક્ષેત્રમાં વિશિષ્ટ કામગીરી કરી હોય તેવા જિલ્લાના કર્મચારીઓ/અધિકારીઓના સન્માન સહિતનું આયોજન કરવા પણ બેઠકમાં સૂચના આપવામાં આવી હતી.

---

# ભુજ હેડ ટપાલ ઓફીસ

કચ્છની ટપાલ કચેરીઓ હવે ડિજિટલાઇઝેશન ભણી આગળ વધી રહી છે અને ભુજ હેડ ઓફિસ સહિત જિલ્લાની 59 ટપાલ કચેરીઓમાં અંગુઠો સ્કેન કરીને બચત ખાતા ધરાવતા ખાતેદારો રૂપિયા જમા કરાવી શકશે અને ઉપાડી પણ શકશે જેથી હવે રૂપિયા જમા કરવા કે, ઉપાડવા માટે પરચી(ફોર્મ) ભરવામાંથી તેમને છૂટકારો મળશે.

આ માટે ટપાલ કચેરીઓમાં આવેલી કોમ્પ્યૂટર સિસ્ટમમાં સોફ્ટવેર ઇન્સ્ટોલેશન સહિતની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે અને માત્ર અંગુઠો સ્કેન કરી રૂપિયા જમા અને ઉપાડવા માટેની પ્રક્રિયા પણ શરૂ કરી દેવાઇ છે.

ટપાલ કચેરીમાં અંગુઠો સ્કેન કરી રૂપિયા જમા કે , ઉપાડવાની સેવા માત્ર બચત ખાતું ધરાવતા લોકો માટે જ શરૂ કરવામાં આવી છે. આ માટે આધારકાર્ડ અપડેટ હોવું જરૂરી છે.

ટપાલ કચેરીમાં ખેડૂતો દ્વારા વિવિધ સહાય માટે , વિદ્યાર્થીઓ દ્વારા શિષ્યવૃત્તિ માટે તેમજ લાભાર્થીઓ સરકારની વિવિધ સહાય યોજનાઓની રકમ જમા કરવા માટે ટપાલ કચેરીઓમાં ખાતા ખોલાવે છે ત્યારે આ સુવિધાથી છાત્રો, વેપારીઓ, ખેડૂતો વગેરેને લાભ થશે

---

# જી.કે. જનરલ હોસ્પિટલ

અદાણી સંચાલિત જીએઆઈએમએસ જી.કે. જનરલ હોસ્પિટલમાં ઓન્કો સર્જનની નિમણૂક કરાતા જિલ્લાનાં કેન્સરના દર્દીઓને ફાયદો થશે.

શસ્ત્રક્રિયા દૂરબીનથી કરવામાં આવશે. શ્વાસનળી પેસાબની નળીની તપાસ આંતરડા માટે કોલોની સ્કોપી તથા એન્ડોસ્કોપી સહિતની તપાસ કરવામાં આવશે. સર્જરી વિભાગમાં નીમાયેલા ઓન્કો સર્જરી માટે મંગળ તથા શુક્રવારે જનરલ સર્જરીમાં મળી શકશે.

---